તાપમાન
મહત્તમ : ૩૪.૮ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૫૬ ટકા

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૩૩ | ૨૩ જુલાઈ, ૨૦૧૬, શનિવાર ; અષાટ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

આજે રાજનાથસિંહ કાશ્મીર પહોંચશે

નવીદિલ્હી, તા. ૨૨

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ ખીણમાં પ્રવર્તી રહેલી વિસ્ફોટક સ્થિતિ વચ્ચે આવતીકાલે જમ્મુ કાશ્મીરની મુલાકાત લેનાર છે. બે દિવસની યાત્રા દરમિયાન તેઓ પરિસ્થિતિની સમીક્ષા કરનાર છે. અધિકારીઓ સાથે પણ તેઓ વાતચીત કરનાર છે.

ગુરુવારના દિવસે સંસદમાં નિવેદન કરતા રાજનાથસિંહે કહ્યું હતું કે, કાશ્મીર ખીણમાં દેખાવોને હાથ ધરતી વેળા મહત્તમ સંયમ જાળવી રાખવા માટે સુરક્ષા દળોને કહેવામાં આવ્યું છે. રાજનાથસિંહે એમ પણ કહ્યું હતું કે, એક નિષ્ણાત સમિતિ દ્વારા સુરક્ષા દળો દ્વારા ઉપયોગ કરવામાં આવી રહેલા ગનના ઉપયોગના સંદર્ભમાં સમીક્ષા કરવામાં આવશે.

જાતિવાદના ઝેરને ખત્મ કરીએ : મોદી

મોદીએ ગોરખપુરથી ચૂંટણી પ્રચારનું રણશિંગૂ ફૂંક્યું : ગોરખપુરને ખાતર કારખાના અને એમ્સની ભેટ

ગોરખપુર, તા. ૨૨

ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ગોરખપુરથી ચૂંટણી પ્રચારનું રણશિંગૂ ફુંકી દીધું હતુ અને પોતાના આક્રમક અંદાજમાં વિરોધીઓ ઉપર પ્રહાર કર્યા હતા. સપા અને બસપા બંનેની ઝાટકણી કાઢતા કહ્યું હતું કે, રાજ્યની જનતાને હવે પરિવારવાદ અને જાતિવાદની રાજનીતિને ખતમ કરી દેવાની જરૂર છે. માત્ર વિકાસવાદને અપનાવવા મોદીએ અપીલ કરી હતી અને કહ્યું હતું કે, કેન્દ્રની જેમ જ ઉત્તર પ્રદેશમાં પણ ભાજપની સરકાર બને તે જરૂરી છે. મોદીએ એમ પણ કહ્યું હતુંકે, તેઓ ખુબ ઝડપથી આગળ વધવામાં માને છે. તેમના દ્વારા વચનો ઝડપથી પૂર્ણ થઇ રહ્યા છે. વડાપ્રધાને એમ્સ હોસ્પિટલની શિલાન્યાસ વિધિ અને ખાતર ફેકટરી ફરી શરૂ કરવાની શરૂઆત કર્યા બાદ આયોજિત રેલીમાં ઉત્તરપ્રદેશની જનતાને વિકાસ માટે આમંત્રણ આપ્યું હતું અને કહ્યું હતું કે, બાકી દરેક પાર્ટીને પુરતી તક આપી દીધી હોવા છતાં જનતાને કોઇ ફાયદો થયો નથી. હવે માત્ર વિકાસથી જ લોકોનો ફાયદો થશે. તેમણે કહ્યું હતું કે, પરિવાર અને

● અનુસંધાન પાન-૭ પર

રજનીકાન્તની ફિલ્મ કબાલી રિલીઝ : ચાહકો પાગલ બન્યા

મુંબઇ,તા. ૨૨

સુપરસ્ટાર રજનિકાંતની ફિલ્મ કબાલી દેશભરમાં અને વિદેશમાં આજે સવારે રજૂ કરવામાં આવી હતી. ફિલ્મ રજૂ કરવામાં આવતા જ ચાહકોમાં ફિલ્મ જોવા માટે પડાપડી શરૂ થઇ હતી. વહેલી સવારથી જ ટિકિટ લેવા માટે તમામ જગ્યાઓએ લાઇન લાગી ગઈ હતી. દેશભરમાં રજનીની ફિલ્મને લઈને જોરદાર ક્રેઝ જોવા મળ્યો હતો. એવા અહેવાલ પણ મળ્યા છે કે, ઘણી જગ્યાએ તો આ ફિલ્મના આગામી સાત દિવસના શો પણ હાઉસફુલ થઇ ચુકયા છે. મોટાભાગની કોર્પોરેટ કંપનીઓ અને મોટી બ્રાન્ડ પણ રજનીકાંતની ફિલ્મને લઈને આશા જગાવી રહી છે અને નવી નવી ઓફરો આ ફિલ્મને લઈને કરી રહી છે. દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં પણ ઉજવણી જોવા મળી હતી. કબાલી બાહુબલીનો રેકોર્ડ કમાણીના મામલે તોડશે કે કેમ તેના પર વધારે સટ્ટો છે. પ્રાપ્ત માહિતી મુજબ ટિકિટના ભાવ રેકોર્ડ ઉંચી સપાટી પર પહોંચ્યા છે.

વિશ્વભરમાં ૧૦,૦૦૦ સ્ક્રીનમાં આવી ફિલ્મ રજુ કરવામાં આવી છે. બુધવારે રાત્રે આ ફિલ્મના કેટલાક સીન લીક કરી દેવામાં આવ્યા હતા. ફિલ્મના નિર્માતા કલાઈ પુલ્લાઈએ કહ્યું છે કે ફોન, કોમ્પ્યુટર ઉપરથી ઈવાની એન્ટ્રી થઈ રહી છે.

અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે રજનીકાંતની મૂર્તિઓની પૂજા પણ થઈ રહી છે.

ભારતીય એરફોર્સનું વિમાન લાપતા

બંગાળના અખાત પરથી ગૂમ થયેલા વિમાનમાં ક્રૂ મેમ્બર્સ ઉપરાંત ઉપરાંત એક ઓફિસર, આર્મીના બે અધિકારી, કોસ્ટ ગાર્ડના એક અધિકારી અને નેવીના નવ અધિકારી

નવી દિલ્હી,તા. ૨૨

ચાર અધિકારીઓ સહિત ૨૯ લોકોને લઈને રવાના થયેલુ એએન-૩૨ વિમાન બંગાળના અખાત પર લાપત્તા થઈ ગયું છે. આ સંદર્ભમાં ઉંડી શોધખોળ ચાલી રહી છે પરંતુ હજુ સુધી કોઈ માહિતી મળી નથી જેથી ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. ચિંતાજનક બાબત એ છે કે લાપત્તા થયેલું વિમાન ફ્યુઅલ વગર આશરે ચાર કલાક ઉંડાણ ભરે તેવી સ્થિતિમાં હતું. ખરાબ હવામાન વચ્ચે બંગાળના અખાતમાં આ વિમાન લાપત્તા થયું હતું. પ્રાપ્ત માહિતી મુજબ એએન-૩૨ વિમાને શુક્રવારે સવારે ચેન્નાઈના તંબારામથી ઉંડાણ ભરી હતી. અંદામાન-નિકોબાર સ્થિત પોર્ટ બ્લેયર માટે આ વિમાને ઉંડાણ ભરી હતી. સવારે ૮.૪૫ વાગ્યાની આસપાસ રડારથી તેનો સંપર્ક તુટી ગયો હતો. વિમાન પોર્ટ બ્લેયર પહોંચે તે પહેલા જ લાપતા થઈ જયા ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. ૧૧.૩૦ વાગ્યાનો સમય પોર્ટ બ્લેયર પહોંચવા માટેનો હતો. વાયુ સેનાના લાપત્તા થયેલા વિમાનનો માર્ગ યોગ્ય હોવાની માહિતી મળી છે. આ વિમાનને ચેન્નાઈથી ઉંડાણ ભરીને બંગાળના અખાત ઉપરથી પસાર થઈને પોર્ટ બ્લેયર પહોંચવાની જરૂર હતી. શોધખોળ કામગીરીમાં નૌકા સેના, કોસ્ટ ગાર્ડ, હવાઈ દળના વિમાન પણ લાગેલા છે. એરક્રાફ્ટની મદદ પણ લેવામાં આવી રહી છે. હજુ સુધી કોઈ માહિતી પ્રાપ્ત થઈ

● અનુસંધાન પાન-૭ પર

વરસાદ ભલે મન મૂકીને વરસ્યો નથી, પણ વરસાદી વાતાવરણ અવશ્ય દરરોજ જામે છે અને વાતાવરણને મનોહર બનાવી મૂકે છે. અમદાવાદ રિવર ફ્રન્ટ ઉપર ચોમાસુ વાદળોએ આવો સુંદર નજારો સર્જ્યો ત્યારે યુવાનો પણ ગેલમાં આવી ગયા હતા.

ભાજપ સરકાર દલિત વિરોધી : કેજરીવાલ

દલિતો પર અત્યાચાર કરનાર લોકોની સંખ્યા ૪૦થી ૫૦ હતી પરંતુ દેખાડવા માટે ૧૬ની ધરપકડ થઈ છે : પોલીસ પણ ભાજપની સાથે હોવાનો આક્ષેપ

રાજકોટ,તા. ૨૨

દિલ્હીના મુખ્યપ્રધાન અને આમ આદમી પાર્ટીના નેતા અરવિન્દ કેજરીવાલ આજે ભારે રાજકીય ગરમી વચ્ચે રાજકોટ પહોંચ્યા હતા. ત્યારબાદ ઉનામાં પણ ગયા હતા. અરવિંદ કેજરીવાલે હંમેશની જેમ જ આક્રમક વલણ અપનાવ્યું હતું અને કહ્યું હતું કે, ભાજપ સરકાર દલિત વિરોધી છે. કેજરીવાલ પહેલા રાજકોટની સિવિલ હોસ્પિટલમાં પહોંચ્યા હતા ત્યારબાદ ઉના પહોંચ્યા હતા. દલિત પર થયેલા હુમલા અને અત્યાચારના સંદર્ભમાં કેજરીવાલે તમામ માહિતી મેળવી હતી. તેમણે કહ્યું હતું કે, ગુજરાતમાં નિર્દોષો ઉપર અત્યાચાર વધી રહ્યો છે. અત્યાચારીઓને કઠોર સજા કરવાની પણ કેજરીવાલે વાત કરી હતી. કેજરીવાલે કહ્યું હતું કે, લોકો આ વખતે ભાજપને બોધપાઠ ભણાવશે. દલિત કાંડ મુદ્દે દેખાવો પુરતા જ ૧૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે જ્યારે અત્યાચાર કરનારાઓની સંખ્યા ૪૦થી ૫૦ જેટલી હોવાનો દાવો તેમણે કર્યો હતો. ન્યાય માટે રાજનીતિ કરવામાં આવી રહી હોવાની વાત કેજરીવાલે કરી હતી. દલિતોને મારવા માટે જે ડંડાનો ઉપયોગ કરાયો હતો તે પણ પોલીસનો હોવાનો દાવો તેમણે કર્યો હતો. ભાજપ સરકાર દોષિતોને બચાવવાના પ્રયાસ કરી રહી છે. ઉનાની મુલાકાત પહેલા કેજરીવાલે રાજકોટ ખાતે સમઢીયાળાના પીડિત યુવકોની મુલાકાત લીધી હતી. કેજરીવાલે સૌથી પહેલા સિવિલ હોસ્પિટલમાં જઈને પીડિતો અંગે માહિતી મેળવી હતી. પીડિતોએ કેજરીવાલને ઘટનાની વિડિયો બતાવીને વાત કરી હતી. વીડિયોના આધારે જ સમગ્ર વિગત સપાટી પર આવી હતી. કેજરીવાલે વાતચીત કરીને માહિતી મેળવી લીધા બાદ કહ્યુ હતુ કે દલિત સમુદાયે અન્યાયની

રાજ્યમાં વધુ ત્રણ દલિતો દ્વારા આપઘાતના પ્રયાસ

અમદાવાદ,તા. ૨૨

ઉનામાં દલિતો ઉપર અત્યાચારના મુદ્દે રાજકીય ગરમી જારી છે ત્યારે વિરોધ પ્રદર્શનનો દોર હજુ પણ શાંત થયો નથી. આજે પણ દલિતો જાહેર રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા. વધુ એક વ્યક્તિએ પણ આજે આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હતો. આત્મવિલોપન કરનારાઓની સંખ્યા પણ સતત વધી રહી છે. અત્યાચારના વિરોધમાં આજે પણ ઠેર ઠેર રેલીઓ યોજવામાં આવી હતી. જુનાગઢમાં એસટી બંધ રાખવામાં આવી હતી. દલિત અત્યાચારના પગલે એસટીને હાલ નુકસાન સહન કરવું પડ્યું છે. ૫૫થી વધુ એસટી બસોને નુકસાન થઈ ચુક્યું છે. વિરોધ પ્રદર્શનના ભાગરુપે આવેદનપત્રો આપવાનો સિલસિલો પણ જારી રહ્યો હતો. થાનમાં એક વ્યક્તિએ આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હતો.

માયાવતી પણ રવિવારે પહોંચશે

બસપા સુપ્રીમો ઊનામાં પીડિત યુવકોના પરિવારજનોને મળશે

અમદાવાદ, તા. ૨૨

સંસદમાં ઊનાકાંડને ઉઠાવીને ભાજપ અને કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કરનાર બસપાના સર્વેસર્વા માયાવતી રવિવારે ઊનાની મુલાકાતે આવી રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. બસપા સુપ્રીમો માયાવતી ઊનામાં પીડિત યુવકોના પરિવારજનોને મળશે. જ્યારે જેડીયુના નેતા શરદ યાદવ પણ સોમવારે ઊનાની મુલાકાત લેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે રાહુલ ગાંધી, આજે અરવિંદ કેજરીવાલ અને હવે માયાવતી તેમજ શરદ યાદવની ગુજરાતની મુલાકાતથી આગામી દિવસોમાં ઊનાનો દલિતકાંડ રાજયના રાજકારણમાં ખળભળાટ મચાવશે. દલિતો પર અત્યાચારના મુદ્દે તમામ રાજકીય પક્ષો એકબીજા ઉપર આક્ષેપબાજી કરવા માટે રાજનીતિ રમી રહ્યા છે. દલિતો પર અત્યાચારના મુદ્દે આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર જારી રહ્યો છે. આગામી દિવસોમાં આ સ્થિતિ યથાવત રહે તેવી શક્યતા છે. બીજી બાજુ ભાજપના તમામ ટોચના લોકો પણ આ મુદ્દાને લઈને બિલકુલ સાવધાન થઈ ગયા છે.

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET

DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI , SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E 76, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ડ્રાયવર જોઈએ છે
ઉંમર વીસ વર્ષથી વધુ, સ્માર્ટ ફોનની જાણકારી જરૂરી, 'ઉબેર' ચલાવી શકે એવા
પગાર ૧૧ હજાર + કમિશન
સંપર્ક
૭૮૭૪૬ ૮૭૯૩૬

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
7% FAT

₹52*/1 L
અમૂલ ડાયમંડ
Amul Diamond rich & creamy milk
500mL: ₹ 26*
*MRP (incl. of all taxes), transportation and cooling charges included. Conditions apply.
For any clarification please contact us on 079 - 23969055 / 56 / 57